દરખાસ્તની ચકાસણીની કાર્યવાહી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કક્ષાએથી કરવાની રહેશે.

(૫) વિવિધ ભરતી સંસ્થાઓ દ્વારા થતી વર્ગ – ૩ ની ભરતીઓમાં પસંદગી પામેલ સા.શૈ.પ.વ.ના ઉમેદવારોની સંખ્યા ખૂબ વધુ હોય અને ઝડપી તેમજ સમયમર્યાદામાં જાતિ પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ કરવાની જરૂરિયાત ઉદ્દભવે ત્યારે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ આવા ઉમેદવારોને ફળવાતા જિલ્લામાં સંબંધીત જિલ્લા નાયબ નિયામકશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, વિકસતી જાતિ કલ્યાણના અધ્યક્ષસ્થાને બનાવવામાં આવેલ ટીમ થકી જાતિ પ્રમાણપત્રની ચકસણી / ખરાઇ કરાવી શકશે.

(૬) જાતિ પ્રમાણપત્રની ચકાસણી / ખરાઇ કરતી વખતે કોઇ શંકાસ્પદ જણાય તેવા કિસ્સાઓમાં સંબંધિત જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) એ પોતાના રીમાર્કસ તેમજ સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે આવા પ્રમાણપત્રો તેઓની કક્ષાએ થયેલ તમામ કાર્યવાહી તેમજ આધાર-પુરાવાઓ પ્રમાણિત કરી, નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી મારફતે રાજય કક્ષાની વિશ્લેષણ સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે.

ઉપરોક્ત સૂચનાનું ચૂસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવા વહીવટી વિભાગોને આથી જણાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૫/૦૬/૨૦૨૪ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ: નિયત ફોર્મ(પરિશિષ્ટ-અ)

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.

